# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૯ તા.૧૬-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે કલાઉત્સવ હેઠળ ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૧૯/૨૩૩૭૮-૨૩૪૭૬ તા.૧૩-૯-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે કલાઉત્સવ હેઠળ વિવિધ કાર્યક્રમ યોજવાના થાય છે.

રાજયની ધો.૧ થી ૧૨ સુધીની તમામ શાળાઓમાં મહાત્મા ગાંધીજીના આદર્શો અને મૂલ્યોને આગળ લઈ જવા માટે આગામી ૨૩મી સપ્ટેમ્બરથી ૧ ઓકટોબર-૨૦૧૯ સુધી ૧ સપ્તાહ દરમ્યાન હાથ ધરવાની થતી પ્રવૃત્તિઓ તેમજ ઓકટોબર-૨૦૨૦ સુધી હાથ ધરવાની થતી પ્રવૃત્તિઓ બિડાણ પત્રકમાં આપવામાં આવેલ છે. તે મુજબ શાળા કક્ષાએ આયોજન કરવાનું રહેશે. મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણીના કાર્યક્રમોની માહિતી ઝોનના મદદનીશ શાસનાધિકારીને મોકલી આપવાની રહેશે તેમજ ફોટોગ્રાફ અને વિડીયો ભારત સરકારના વેબપોર્ટલમાં www.gandhi.gov.in (karyanjali) માં અપલોડ કરવાના રહેશે.

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે કલાઉત્સવ હેઠળ ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા શાળા કક્ષાએ પ્રાથમિક વિભાગ(ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે) તા.૨૪-૦૯-૨૦૧૯ના રોજ યોજવાની રહેશે. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ વિદ્યાર્થીઓને સી.આર.સી.કક્ષાએ તા.૨૭-૯-૨૦૧૯ના રોજ મોકલી આપવાના રહેશે.

ચાર સ્પર્ધાઓ ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાના વિષયો નીચે મુજબ છે.

| ક્રમ | સ્પર્ધા અને વિષય/થીમ | પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે) | શાળા કક્ષાએ સ્પર્ધાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ચિત્ર | 'પ્લાસ્ટીક મુકત ભારત' | ૨૪-૦૯-૨૦૧૯ |
| ૨ | કાવ્ય લેખન | 'ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ'આધારીત કાવ્યની રચના | ૨૪-૦૯-૨૦૧૯ |
| ૩ | નિબંધ | 'ગાંધીજીને પત્ર' | ૨૪-૦૯-૨૦૧૯ |
| ૪ | વકતૃત્વ | 'મને આવેલું ગાંધીજીનું સ્વપ્ન' | ૨૪-૦૯-૨૦૧૯ |

નોંધ :- તજજ્ઞની પસંદગી સામેલ સંદર્ભિત પત્ર મુજબ નક્કી કરવાના રહેશે.

બિડાણ - સંદર્ભિત પત્ર

તા.૧૬-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૧૯/૨૩૩૭૯-૨૩૪૭૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 13-09-2019

પ્રતિ,

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી,તમામ

**વિષયઃ ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવ હેઠળ ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજવા બાબત.**

સંદર્ભઃ ૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃજશભ/૧૨૧૮/૧૧૪૪/ન, તા.૨૨/૦૪/૨૦૧૯

૨. શિક્ષણ વિભાગના ક્ર. પરચ/૧૨૨૦૧૮ વ-૨ તા.૦૭/૦૮/૨૦૧૯

૩. સીંગલ ફાઇલ નં.૧૧૯ તા.૧૧/૦૯/૨૦૧૮ મળેલ મંજુરી અન્વયે.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા ચિત્રકલા, કાવ્યલેખન, નિબંધ, વકતૃત્વ વગેરે જેવી પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે, તેમજ પૂ. મહાત્મા **ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની ઉજવણીના ભાગરૂપે** કલા-ઉત્સવ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવાના થાય છે. આ કાર્યક્રમોનું સુચારૂ સંચાલન અને આયોજન દરેક જિલ્લામાં શાળા કક્ષાથી શરૂ કરી જિલ્લા કક્ષા સુધી ડાયેટ પ્રાચાર્ય, ડીપીઇઓ, શાસનાધિકારી અને ડીઇઓના સંકલનથી કરવાનું થાય છે.

ઉપરોક્ત સંદર્ભમા રાજ્યની ધો.1 થી 12 સુધીની તમામ શાળાઓમા મહાત્મા ગાંધીના આદર્શો અને મૂલ્યોને આગળ લઈ જવા માટે આગામી તા.23મી સપ્ટેમ્બરથી 1લી ઓક્ટોબર,2019 સુધી એક સપ્તાહ દરમિયાન હાથ ધરવાની થતી સૂચિત પ્રવૃત્તિઓ તેમજ ઓક્ટોબર,2020 સુધી હાથ ધરવાની થતી સૂચિત પ્રવૃત્તિઓની વિગતો નીચે મુજબ છે. આ પ્રવૃત્તિઓમાં સ્થાનિક કક્ષાએ વાલીઓની ઉપસ્થિતિ આવકારદાયક અને પ્રેરણાદાયક બની રહે તેવું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | તારીખ,વાર | હાથ ધરવાની પ્રવૃત્તિઓ |
|---|---|---|
| 1 | 23 સપ્ટેમ્બર,સોમવાર | સર્વધર્મ પ્રાર્થના ,ભજનો અને મહાત્મા ગાંધીજીના મૂલ્યો અને આદર્શો પર ચર્ચા. |
| 2 | 24 સપ્ટેમ્બર,મંગળવાર | નૃત્ય,ગાયન,નકલ (સ્કીટ) વેશભુષા,મોનો એક્ટિંગ (એક પાત્રિય અભિનય) |
| 3 | 25 સપ્ટેમ્બર,બુધવાર | સ્વચ્છતા ઝુંબેશ, શ્રમદાન , સમાજસેવા, સ્વચ્છતા વગેરે જેવી પ્રવૃત્તિઓનું આયોજન. |

| | | |
|---|---|---|
| 4 | 26 સપ્ટેમ્બર,ગુરૂવાર | પ્રવચન,ચર્ચા(ડીબેટ) શીઘ્ર વક્તૃત્વ ,ગાંધી કથા , ગાંધીજી પર વક્તવ્યો, મહાત્મા ગાંધીજી અને તેમના આદર્શો પરના પુસ્તકોના વાંચન દ્વારા મેળવેલા સ્વાનુભવોનું વિદ્યાર્થીઓ દ્વારા આદાનપ્રદાન . |
| 5 | 27 સપ્ટેમ્બર,શુક્રવાર | કાવ્યો,નિબંધો,સૂત્રો, નકલો (સ્કીટ) અને નોંધપોથી (ડાયરી)વગેરેનું લેખન. |
| 6 | 28 સપ્ટેમ્બર,શનિવાર | ચિત્રકામ અને રંગપૂરણી. |
| 7 | 30 સપ્ટેમ્બર,સોમવાર | ગાંધીજી સાથે સંકળાયેલા સ્થળો અને સંગ્રહાલયોની મુલાકાત અને ચલચિત્રનું નિદર્શન. |
| 8 | 1 ઓક્ટોબર મંગળવાર | વિદ્યાર્થીઓ, માટે પ્રશ્નમંચ (કિવીઝ) નું આયોજન. ચિત્રકામ અને રંગ પૂરણીના પ્રદર્શનો, ગાંધીજીના જીવન આધારિત પ્રદર્શન અને નિબંધોની રજૂઆત જેવી પ્રવૃત્તિઓ. |

ઓક્ટોબર,2020 સુધી હાથ ધરવાની થતી સૂચિત પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રવૃત્તિ | સમયગાળો | રાજ્ય દ્વારા કરવાના કાર્યો. |
|---|---|---|---|
| 1 | ધોરણ 1 થી 4ના વિદ્યાર્થીઓને સદાચાર અહિંસા અને સેવા વિષે તેમની માતૃભાષામા સમજ આપવી. ધોરણ 6 થી 12ના વિદ્યાર્થીઓને પ્રર્વતમાન સમયમાં ગાંધીજીના વિચારો અને કાર્યો વિશેની સમજ આપવી. | જુલાઈથી ઓક્ટોબર, 2019 | ચર્ચા (ડિબેટ), નિબંધ અને ચિત્રકામની પ્રવૃત્તિઓનુ આયોજન રાજ્ય કક્ષાએથી કરવામાં આવશે. |
| 2 | શાળાઓમાં મહાત્મા ગાંધીજી પર ખાસ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવું. | 22/09/2019 થી 01/10/2019 | પેરા-2મા સૂચિત પ્રવૃત્તિઓનુ આયોજન કરવાનું રહે. |
| 3 | ગાંધીજીના જીવના પર વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને ગાંધીજીને અંજલી અર્પવી. | 2જી ઓક્ટોબર 2019 | રાજ્યદ્વારા ગાંધીજીના જીવનપર શાળાઓમા – વિદ્યાર્થીઓ દ્વારા- કાર્યક્રમો યોજવા. |
| 4 | શાળામાં અને તેની આસપાસના વિસ્તારોમા ખાસ સફાઈ ઝૂંબેશ. | નવેમ્બર 2019 | શાળા પરિસરમાં અને તેની આસપાસના વિસ્તારોમા ખાસ સફાઈ ઝૂંબેશનું આયોજન શાળાઓએ થી કરવું. |
| 5 | સત્ય અને અહિંસાના વિવિધ પાસાઓ પર શિક્ષક કે અન્ય | ડિસેમ્બર 2019 | શિક્ષક કે અન્ય મહાનુભાવો દ્વારા સવારની પ્રાર્થના સભામાં સત્ય અને |

| | | | |
|---|---|---|---|
| | મહાનુભાવો દ્વારા સવારની પ્રાર્થના સભામાં વાર્તાલાપ. | | અહિંસાના વિવિધ પાસાઓ આધારિત આયોજન. |
| 6 | ગાંધીજીના જીવન પર પ્રશ્ન મંચ(ક્વિઝ) | જાન્યુઆરીથી ફેબ્રુઆરી,2020 | ગાંધીજીના જીવન પર આધારિત પ્રશ્ન મંચ (ક્વિઝ)નું આયોજન. |
| 7 | નિબંધ અને ચિત્રકામની કાર્યશાળાનું આયોજન. | જુલાઈ થી ઓક્ટોબર,2020 | નિબંધ અને ચિત્રકામની કાર્યશાળાઓનું આયોજન. |
| 8 | ગાંધીજીના જીવન આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું વિદ્યાર્થીઓ દ્વારા આયોજન. | 2જી ઓક્ટોબર 2020 | વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં ગાંધીજીના જીવન આધારિત કાર્યક્રમોનું આયોજન. |

રાજ્ય દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ અને લીધેલા પગલાઓનો વિગતવાર પ્રવૃત્તિના ફોટા સાથેનો અહેવાલ ડાયેટે સંકલન કરી ભારત સરકારના વેબપોર્ટલ (www.gandhi.gov.in)(Karyanjali) માં અપલોડ કરવા તથા ઇ-મેઇલ આઇ.ડી. is5mhrd@gmail.com પર અત્રેની જાણ હેઠળ મોકલી આપવા વિનંતી છે.

**ઉપર્યુક્ત સૂચનાઓને તેમજ સામેલ સ્પર્ધાનો સમયગાળાને ધ્યાને લઇ જિલ્લાકક્ષાએથી જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.**

1. રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાંટ-ઇન-એઇડ અને સ્વનિર્ભર ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં **ગાંધીજીની ૧૫૦ મી જન્મજંયતિની ઉજવણી** કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે **ચિત્ર, કાવ્યલેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન** ફરજિયાત કરવાનું રહેશે.
2. આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજવામાં આવશે.
   a. પ્રાથમિક વિભાગ — ધોરણ – ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે
   b. માધ્યમિક વિભાગ — ધોરણ – ૯ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે
   c. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ — ધોરણ – ૧૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે
3. **શાળા કક્ષાની સ્પર્ધા :** સર્વ પ્રથમ શાળા કક્ષાએ કલા ઉત્સવ હેઠળ યોજવાની **ચિત્ર, કાવ્યલેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું** આયોજન કરવાનું રહેશે. શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકને પસંદ કરવાના રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી સી.આર.સી./ ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.
4. **ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાની સ્પર્ધા :** ક્લસ્ટર / ક્યુ.ડી.સી. કક્ષાએ શાળાઓમાંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે.

5. **<u>તાલુકા / એસ.વી.એસ. કક્ષાની સ્પર્ધા</u>** : તાલુકા કક્ષાએ ક્લસ્ટર /ક્યુ.ડી.સી.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. તાલુકા કક્ષાની સ્પર્ધાનું સંકલન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી. કો.ઓ અને એસ.વી.એસ. કન્વીનર સાથે રહી કરશે.

6. **<u>જિલ્લા કક્ષાની સ્પર્ધા</u>** : જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષા/એસ.વી.એસ.માંથી વિવિધ સ્પર્ધાઓ માટે આવેલ પ્રથમ ક્રમના સ્પર્ધકોની એન્ટ્રીને આધારે સ્પર્ધાઓ યોજી તે પૈકી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના સ્પર્ધકની પસંદગી કરવાની રહેશે અને તે પૈકી દરેક વિભાગમાંથી માત્ર પ્રથમ ક્રમના વિજેતા સ્પર્ધકની એન્ટ્રી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે મોકલવાની રહેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધા ડાયેટ દ્વારા યોજવામાં આવશે.

7. કલા ઉત્સવ હેઠળ યોજવાની થતી <u>ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાઓ</u> માટે સ્પર્ધાદીઠ નીચે મુજબ ઇનામ આપવાના રહેશે.

| ક્રમ | વિગત | પ્રથમ ઇનામ (રૂ.) | દ્વિતીય ઇનામ (રૂ.) | તૃતીય ઇનામ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ક્લસ્ટર કક્ષા (ધોરણ ૬ થી ૮) | 300 | 200 | 100 |
| ૨ | ક્યુડીસી કક્ષા (ધોરણ ૯ થી ૧૦) | 300 | 200 | 100 |
| ૩ | ક્યુડીસી કક્ષા (ધોરણ ૧૧ થી ૧૨) | 300 | 200 | 100 |
| ૪ | તાલુકા કક્ષા (ધોરણ ૬ થી ૮) | 500 | 300 | 200 |
| ૫ | એસવીએસ કક્ષા (ધોરણ ૯થી ૧૦) | 500 | 300 | 200 |
| ૬ | એસ.વી.એસ.કક્ષા (ધોરણ ૧૧થી ૧૨) | 500 | 300 | 200 |

8. જિલ્લા કક્ષાથી લઇને સીઆરસી/ક્યુ.ડી.સી. કક્ષા સુધીના ઇનામ વિતરણ માટે ડાયટ મારફતે ગ્રાંટનું વિતરણ કરવાનું રહેશે.

9. દરેક સ્પર્ધાના **<u>આયોજન માટે સ્પર્ધાદીઠ</u>** નીચે મુજબના ખર્ચની જોગવાઇ કરવામાં આવેલ છે, તેને ધ્યાને લઇ ચારેય (૪) સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે.

| કક્ષા | સીઆરસી(3251)/ ક્યુ.ડી.સી.(912) | બીઆરસી (250) / એસ.વી.એસ.(190) |
|---|---|---|
| વિવિધ કક્ષાએ નિર્ણાયક માટે નિર્ણાયક દીઠ માનદ વેતન | રૂ. 100 લેખે (3 નિર્ણાયક) | રૂ. 200 લેખે (3 નિર્ણાયક) |
| રીફ્રેશમેન્ટ,સાહિત્ય અને અન્ય ખર્ચ | આયોજનની ગ્રાન્ટ CRC લેવલે એક (1) શાળાદીઠ રૂ.65/- પ્રમાણે અને QDC દીઠ રૂ. 1000/- પ્રમાણે | આયોજનની ગ્રાન્ટ એક CRC દીઠ રૂ.200/- પ્રમાણે અને QDC દીઠ રૂ. 400/- પ્રમાણે |

10. ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાઓ માટેનો સમયગાળો નીચે મુજબ રહેશે.

| ક્રમ | કક્ષા | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | શાળા | ૨૪-૦૯-૨૦૧૯ | ૨૪-૦૯-૨૦૧૯ | ૨૪-૦૯-૨૦૧૯ |
| ૨ | સી.આર.સી./ક્યુ.ડી.સી. | ૨૭-૦૯-૨૦૧૯ | ૨૭-૦૯-૨૦૧૯ | ૨૭-૦૯-૨૦૧૯ |
| ૩ | બી.આર.સી./એસ.વી.એસ. | ૦૧-૧૦-૨૦૧૯ | ૦૧-૧૦-૨૦૧૯ | ૦૧-૧૦-૨૦૧૯ |

11. ચાર સ્પર્ધાઓ ચિત્રકલા, કાવ્ય લેખન, નિબંધ અને વક્તૃત્વ માટેના વિષયો નીચે મુજબ રહેશે.

| ક્રમ | સ્પર્ધા અને વિષય/થીમ | ઉચ્ચ પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ | ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | ચિત્ર | " પ્લાસ્ટીકમુક્ત ભારત " | | |
| ૨ | કાવ્ય લેખન | " ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ " આધારીત કાવ્યની રચના | | |
| ૩ | નિબંધ | " ગાંધીજીને પત્ર " | | |
| ૪ | વક્તૃત્વ | " મને આવેલું ગાંધીજીનું સ્વપ્ન " | | |

12. **સ્પર્ધાના આયોજન માટે જીસીઇઆરટી દ્વારા આપવામાં આવેલ સમય આયોજનનું ચુસ્તરીતે પાલન કરવાનું રહેશે.**

13. આ ઉપરાંત તમામ ચાર સ્પર્ધાઓ માટે પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન સમિતિની રચના કરવાની રહેશે. મૂલ્યાંકન સમિતિના સભ્યોની પસંદગી માટે નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

| કક્ષા | ધોરણ ૬ થી ૧૨ |
|---|---|
| તજજ્ઞોની પસંદગીના ધોરણો | • ચિત્ર સ્પર્ધા માટે- ચિત્ર જાણકાર શિક્ષક /નિવૃત્ત શિક્ષક  કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા ચિત્રકારની પસંદગી કરવાની રહેશે.<br>• કાવ્ય લેખન સ્પર્ધા માટે- સાહિત્યના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક  કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત / તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા સાહિત્યકાર/કવિની પસંદગી કરવાની રહેશે.<br>• નિબંધ/ વક્તૃત્વ સ્પર્ધા માટે નિબંધ/ વક્તૃત્વ ના જાણકાર શિક્ષક/નિવૃત્ત શિક્ષક  કે આ સબંધી અન્ય જાણકાર વ્યકિત/ તાલુકા કક્ષાએ તાલુકાના જાણકાર અને જિલ્લાકક્ષાએ જિલ્લાના જાણીતા નિબંધ/ વક્તૃત્વના જાણકારની પસંદગી કરવાની રહેશે. વ્યકિતનો સમાવેશ કરવાનો રહેશે. |
| શાળા કક્ષાએ | શાળા આચાર્ય નક્કી કરશે. |
| ક્લસ્ટર/ક્યુ.ડી.સી. કક્ષાએ | પ્રાથમિક વિભાગ માટે તજજ્ઞો સી.આર.સી.કો.ઓ તેમજ માધ્યમિક અને ઉ.મા.વિભાગ માટે ક્યુ.ડી.સી. કો-ઓર્ડીનેટર નક્કી કરશે. |

| | |
|---|---|
| તાલુકા કક્ષાએ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, B.R.C કો.ઓ. અને S.V.S કો-ઓર્ડીનેટર સાથે મળી નક્કી કરશે. |

14. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રીઓએ આ સ્પર્ધાઓના આયોજન,અમલીકરણ અને સુચારું સંચાલન માટે જિલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી પરસ્પર સંકલનમાં રહીને કરવાની રહેશે

15. આ સ્પર્ધાઓ અંગેની વિગતવાર સૂચનાઓ અને નિયમો જીસીઇઆરટી દ્વારા આપવામાં આવશે તેમજ જરૂર જણાયે સ્પર્ધાઓના ફોરમેટમાં ફેરફાર કરવાની સત્તા જીસીઇઆરટીને રહેશે.

| | | |
|---|---|---|
| નિયામક | નિયામક | નિયામક |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | શાળાઓની કચેરી |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

નકલ સવિનય રવાના

- સચિવશ્રી (શિક્ષણ), બ્લોક-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગર